# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

બ્લોક-એ ,ત્રીજો માળ ,જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત -૩૯૫૦૦૧

-૦૨૬૧-૨૬૬૨૯૦૨ :-suratdeo@gmail.com


જા.નં./મા-૨/૨૦૨૫/ 12898 તા.૧૦/૧૧/૨૦૨૫.

પ્રતિ,

આચાર્યશ્રી,

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,

સુરત, જિ-સુરત.

વિષયઃ- નશામુકત ભારત અભિયાન (NMBA)ની પાંચમી વર્ષગાંઠ અંતર્ગત આપના તાબા હસ્તકના તમામ કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓ નશામુક્ત ભારત અભિયાન અંતર્ગત રજીસ્ટ્રેશન કરી સામુહિક પ્રતિજ્ઞા લેવા બાબત.

સંદર્ભઃ- જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી,સુરતનાં પત્ર નં- સસુઅ/સુ/NMBA/897/2025 તા.08/11/2025.

ઉપરોકત વિષય સંદર્ભપત્ર અન્વયે જણાવવાનું કે ભારત સરકાર દ્વારા સને-2020માં નશામુકત ભારત અભિયાન શરૂ કરવામાં આવેલ છે. આ અભિયાનના સફળતાપૂર્વક પાંચ વર્ષ પૂર્ણ થયેલ હોય. સામાજીક ન્યાય અને અધિકારી મંત્રાલય નવી દિલ્હીની માર્ગદર્શિકા મુજબ માહે-નવેમ્બર-2025માં માનનીય પ્રધાનમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં નવી દિલ્હી ખાતે રાષ્ટ્રીય સ્તરના મેગા કાર્યક્રમનું આયોજન થનાર છે. જેથી પ્રધાનમંત્રીશ્રીના "નશામુક્ત ભારત"ના સપનાને સાકાર કરવા આ નશામુક્ત ભારત અભિયાનમાં વધુમાં વધુ લોકો સહભાગી બને અને નશામુક્તિ અંગેની પ્રતિજ્ઞા લે તે માટે તા. ૧૧/૧૧/૨૦૨૫ના મંગળવારના રોજ આપની શાળાના તમામ કર્મચારીઓ તથા શિક્ષકો નશામુક્ત ભારત અભિયાન અંતર્ગત QR CODE સ્કેન કરીને ઓનલાઇન પ્રતિજ્ઞા લેવાની રહેશે તથા શાળાના વિદ્યાર્થીઓને સામુહિક પ્રતિજ્ઞા લેવડાવી તેના ફોટોગ્રાફ્સ જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી વી.જી.પરમારનાં મોબાઇલ પર Whats Appથી મોકલી આપવાના રહેશે. નશામુક્તિ અંગેની પ્રતિજ્ઞાનો નમુનો તથા QR CODE સબંધિત પુછપરછ માટે જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી, સુરતનાં વી.જી.પરમારનો મોબાઇલ નંબર-7567003210 પર સંપર્ક કરવાનો રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ-સુરત.

બિડાણઃ- નશા મુક્તિની ઓનલાઇન પ્રતિજ્ઞા માટેનો QR CODE તથા પ્રતિજ્ઞાનો નમૂનો

નકલ રવાના જાણ સારૂઃ-

- જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, જિ-સુરત.